# નમસ્કાર ગાંધીનગર

## પમરાટ

એટલે તો સૌને જીવન જીવવું મોંઘુ પડે!
માપ વિનાનું છે પહેરણ, નાનું કે મોટું પડે!

કઈ જગા છે, કોણ આજુબાજુ છે, જોવું પડે!
આંખને ક્યાં ભાન છે! સંભાળીને રોવું પડે!

જિંદગીમાં એક વેળા આવું સૌને લાગે છે,
દુઃખ પડે, પણ માથે આખું આભ કંઈ થોડું પડે?

એક જેવા છે બધા ને એક સમસ્યા સૌની, કે
હું અલગ છું અન્યથી, મારુ જગત નોખું પડે!

સંદીપ પૂજારા

## પાથેય

- રમેશ ઠક્કર

# આભ કંઈ થોડું પડે ?


માણસ સૌ એક સરખા લાગે,પણ દરેકના જીવવામાં વૈવિધ્ય છે.જે રીતે સમંદર એક હોય પરંતુ દરેક જહાજમાં મુસાફર અલગ અલગ હોય છે.એ જ રીતે જીવન અપાર વૈવિધ્યથી ભરેલું છે. એની કોઈ રેડીમેડ આવૃત્તિ ના મળી શકે.એમાં પસંદગીનો અવકાશ કોઈ ને મળતો હોતો નથી.એક જ માતાનાં સંતાનો પણ એક સરખાં હોતાં નથી.સગા બે ભાઈઓ કે બે બહેનો વચ્ચે દેખાવ કે સ્વભાવ વચ્ચેના જે તફાવત જોવા મળે છે એ આશ્ચર્યકારક હોય છે.દરેકે પોતાની રીતે જીવન જીવવું પડે છે.પોતાનો રસ્તો પોતે જ કંડારવો પડે છે.જીવન? એ રેડીમેડ શર્ટ જેવું છે.એ નાનું પડે કે કોઈક વાર મોટું પણ થઈ જાય.આપણે જ અનુકૂલન સાધવાનું છે..! એની આવી તાસીર છે એટલે જ જીવન જીવવું એ મોંઘી વાત ગણાય છે.

એવું કહેવાય છે કે રુદનની કોઈ ભાષા નથી.છતાં કોઈ પણ ઉદાસીનો જે પટ હોય છે એ એકસરખો હોય છે.માણસ જ્યારે રડે છે ત્યારે એ સૌથી વધારે નિખાલસ લાગતો હોય છે.. આંસુઓ કોઈ ધારાધોરણ મુજબ વહેતાં હોતાં નથી.ઘણીવાર તો આપણી ઈચ્છાને અતિક્રમીને પણ ટપકી પડે છે.રડવા માટે એકાંત જ હોવું જરૂરી નથી.માણસ જ્યારે રડે છે ત્યારે એ આસપાસ જોતો રહે છે.પરંતુ આંખો એ ધોરણોને સ્વીકારતી નથી..એ અનાયાસ? જ ટપકી જતી હોય છે.

મુસીબતો ક્યારે એકલદોકલ હોતી નથી એ હંમેશા જથ્થાબંધ મળતી હોય છે કેટલાક લોકો તો મુશ્કેલીઓનું કાયમી સરનામું હોય છે કોઈ કવર ઉપર એડ્રેસ લખેલું હોય કે ના હોય આવા લોકો ને જ એ ડિલિવર કરવામાં આવે છે એમ કહેવાય છે કે ગરમીનો પડ્યો કાળો એટલે કે કેટલાક લોકોને દુઃખો સાથે એવો નાતો હોય છે કે એમને મુસીબતો વગર નથી ફાવતું અને અડચણોને એવા લોકો વગર જાણે મજા નથી આવતી. ક્યારેક તો જાણે આભ ફાટતું હોય એમ મુશ્કેલીઓ ત્રાટકે છે માણસ જ્યારે તકલીફો સામે ટક્કર જીવતો હોય છે ત્યારે એક હથિયાર હોય છે કે ભલે બધું જ તૂટી પડશે પણ આપ થોડું તૂટી પડવાનું છે આ એક સધિયારો જેને હંમેશા મુશ્કેલીઓ સામે અડીખમ રાખે છે.

ઈશ્વરે તમામ માણસોને એકસરખા બનાવ્યા છે.દરેકને એક જ સરખી સંવેદના આપી છે.ઈચ્છાઓના આટાપાટામાં સૌ અટવાયેલા છે.માણસોની મોટાભાગની સમસ્યાઓ સમાન હોય છે.પરંતુ એની સામે ઝઝૂમવાના જે ઉપાયો હોય છે એ સૌના અલગ હોય છે.જગતનું સૌથી મોટું આશ્ચર્ય એ છે કે દરેક માણસ એવું માને છે કે હું અન્યથી નોખો છું.મારું જગત એ મારું પોતાનું જ છે.મારા જેવી અનુભૂતિ અન્યની ના હોઈ શકે.જગતમાં હું જ એકમેવ છું.મારાથી વિશેષ કોઈ હોઈ શકે નહીં.માણસની આ સમસ્યા જ કદાચ તમામ સમસ્યાઓમાં સૌથી અનોખી છે.

# ગાંધીજી પ્રેરિત આંદોલનો : સફળતા નહિ સાર્થકતાના પ્રયોગો






માત્ર ભારત જ નહિ પરંતુ વિશ્વભરના અનેક લોકોમાં ગાંધી વિશે અનેક પ્રસંગોએ તથા ભિન્ન ભિન્ન સંદર્ભોમાં વાતો થયા કરે છે. દરેક વ્યક્તિ કે વ્યક્તિઓનો સમૂહ ગાંધીજીને પોતાની દ્રષ્ટિ તથા પોતાની સમજશક્તિ પ્રમાણે મૂલવે છે. ગાંધીજીનું સમગ્ર જીવન તેમજ તેમના કાર્યો જોતાં તેઓ ક્ષણિક સફળતાનાં બદલે લાંબાગાળાનું વ્યાપક હિત તેમજ કામની સાર્થકતા ધ્યાનમાં લઈને જ કોઈ પણ પ્રવૃત્તિના શ્રીગણેશ કરતા હતા. જીવનને સમગ્રતયા જોવાની અ ા ગાંધીજીની દ્રષ્ટિ હતી. આથી જ આલબર્ટ આઈન્સ્ટાઈને ગાંધીજીને 'દીવાદાંડીરૂપ માનવના રૂપમાં વિધાતા' કહ્યા હતા.

મહાત્માજી આફ્રિકાથી હિન્દુસ્તાન પાછા આવ્યા તે ગાળો વીસમી સદીનો પૂર્વાર્ધ હતો. બ્રિટિશ સત્તાની નાગચૂડે દેશને સંપૂર્ણ નિયંત્રણમાં લીધો હતો. દેશમાં કેટલાક સ્થળો દેશી રજવાડાઓના નિયંત્રણમાં હતા. સમય જતા બ્રિટિશ સરકારે રજવાડાઓની સ્વતંત્રતા પણ મુત્સદીગીરી તેમજ સત્તાના બળે પોતાના અંકુશમાં લીધી હતી. લોકમાન્ય તિલક જેવા નેતાઓની પ્રતિભા સમગ્ર દેશમાં પ્રસરેલી હતી. તિલક પોતાની સૂઝ તેમજ શક્તિના બળે દેશના લોકોને સ્વાધીનતાના માર્ગે જવા પ્રેરણા આપતા હતા. સરદારસિંહ રાણા, ભીખાઈજી કામા તથા સાવરકર જેવા સમર્પિત લોકો જરૂર પ્રમાણે દેશ તથા વિદેશની ધરતી પર રહીને માતૃભૂમિને આઝાદ કરવાનો પ્રચંડ પુરુષાર્થ કરતા હતા. મહાત્મા ગાંધી આવા એક ગોધુલીના ટાણે દેશના જાહેર જીવનમાં પ્રવેશ્યા હતા. ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસની તત્કાલીન નેતાગીરી હજુ 'પૂર્ણ સ્વરાજ્ય'ની વિભાવના સુધી પહોંચી ન હતી. દેશનો સામાન્ય જન પોતાને રાષ્ટ્રીય ચળવળ સાથે ઝ્દ્વદ્વઈઝ્ર કરી શકતો ન હતો. દેશના અનેક શિક્ષિત નેતાઓનો પહેરવેશ, ભાષા તથા એટીકેટ સામાન્ય ભારતીયને મુક્તિ સંગ્રામમાં જોડવા માટે પ્રેરણા આપી શકતો ન હતો. જ્યાં સુધી સામાન્ય જન આ મુક્તિ સંગ્રામનો ભાગ ન બને ત્યાં સુધી દેશની મુક્તિના દ્વાર ખુલે નહિ તે બાબત ગાંધીજીના મનમાં સ્પષ્ટ હતી. આફ્રિકાની લડતનો અનુભવ મેળવીને તેઓ આ વાતમાં નિશ્ચિત થયા હતા.

મહાત્માજી આ ધૂંધળા વાતાવરણમાં દેશમાં પ્રવેશ કરીને લાંબા પ્રવાસો દ્વારા દેશની વાસ્તવિક સ્થિતિને જાણવાનો-સમજવાનો તથા મૂલવવાનો પ્રયાસ કરે છે. કુંભના મેળામાં જઈને પણ મહાત્મા સામાન્ય માનવીની લાગણીઓ તથા વ્યવહાર સાથે એકરૂપ થવા પ્રયાસ કરે છે. ગળી પકવતા ખેડૂતોના શોષણની વાત પૂર્ણતઃ સમજે છે. સમજ્યા પછી જ સંઘર્ષની શરૂઆત કરે છે. તેમાંથી ક્રમશઃ લોક-ભાગીદારીની શરૂઆત થાય છે. દેશને જાગૃત કરવા માટેના વિકલ્પો જુદા જુદા હતા. અલગ અલગ જૂથો પોતાની માન્યતા પ્રમાણે નિષ્ઠાપૂર્વક પ્રયાસ કરતા હતા. ગાંધીજી પાસે આફ્રિકાની લડતનો વિશાળ અનુભવ હતો. લોકજાગૃતિ ઉભી કરવાના તથા તેને લડતમાં જોડાવાનો મહાત્માની શક્તિને કામે લગાડવાનો આ ઉચિત સમય હતો. આ પડકારરૂપ કાર્ય ગાંધીજીએ કરી બતાવ્યું. બાપુના કાર્યની સાર્થકતા તેમના ઉદ્દેશ તથા સાધનશુદ્ધિ બંનેમાં હતી.


દેશમાં પાછા ફરીને તથા દેશની સ્થિતિનું ઊંડાણથી મૂલ્યાંકન કરીને મહાત્માએ અહિંસક માર્ગે તથા સાધનશુદ્ધિના આગ્રહ સાથે લડતનું મંડાણ કર્યું. દેશના અનેક લોકોના મનમાં એ વાતની ગડમથલ હતી કે બાપુ અહિંસક માર્ગે લડત ચલાવીને એક મહા બળવાન સત્તાને કેવી રીતે મહાત કરી શકશે? યુવાન પ્રાધ્યાપક જે. બી. કૃપલાણી તો મહાત્મા સાથે આ વિષયમાં સંવાદ પણ કરે છે. પ્રાધ્યાપક કૃપલાણી ગાંધીજીને ઈતિહાસનો સંદર્ભ આપીને કહે છે કે અહિંસક માર્ગે લડતને ચલાવીને આઝાદી મેળવી હોય તેવા કિસ્સા તેમણે જોયા કે જાણ્યા નથી. આત્મવિશ્વાસથી છલોછલ ભરેલા મહાત્મા કહે છે કે એમ નહિ થયું હોય તો પણ તેઓ અહિંસક માર્ગે જનમતને દોરીને આઝાદી મેળવીને જ જંપશે. ગાંધીજી પોતાની વાત દ્રઢતાથી આગળ ચલાવતા કૃપલાણીને જણાવે છે કે અહિંસક માર્ગે હિન્દુસ્તાન આઝાદી મેળવશે અને તેનો ઈતિહાસ લખાશે. ભવિષ્યમાં આ ભવ્ય ઈતિહાસની વાતોનો અભ્યાસ સમગ્ર જગતમાં થશે. બાપુનો એવો આત્મવિશ્વાસ જોઈને જ કૃપલાણી, સરદાર પટેલ તથા મહાદેવ દેસાઈ જેવા યુવાનોએ બાપુના ચરણોમાં પોતાનું જીવન સમર્પિત કરવાનું નક્કી કર્યું. અહિંસક માર્ગે એક મહાન લડતનું સર્જન થયું. તેનો ભાતીગળ ઈતિહાસ લખાયો. નેલસન મંડેલા તથા માર્ટિન લ્યુથર કિંગ જેવા અનેક લોકોએ ગાંધીમાર્ગે ચાલવાનું પસંદ કર્યું. અહિંસક માર્ગે સફળતા કેવી રીતે મળે? શઠ સાથે શઠ જેવો વ્યવહાર કરીને જ કાર્ય સિદ્ધ થાય તેવી વ્યાપક માન્યતા સામે ગાંધીએ એક શાશ્વત વિચાર આપ્યો. તેના વાસ્તવિક અમલીકરણમાં કદાચ વિલંબ થાય. આ માર્ગે સફળતા મેળવવાનું અઘરું પણ જણાય. પરંતુ વ્યવહારુ જગત જેને સફળતાનું મૂલ્ય વિશેષ લાગે છે તેવી વાતોમાં મહાત્માને સફળતા મેળવવા કરતા જીવનના પ્રયોગોમાં સાર્થકતાનું મહત્વ લાગ્યું. મહાત્માની આ વિચારસરણીને કારણે ઓછી હિંસાત્મક ઘટનાઓ સાથે દેશનો મુક્તિ સંગ્રામ ચાલ્યો. સફળતા પણ મળી. આમ છતાં લડતના દરેક તબક્કે ગાંધીજીએ પોતાના પગલાંને ક્ષણજીવી સફળતાનાં લક્ષના બદલે દરેક કાર્યની સાર્થકતા તેમજ શાશ્વતીના ધોરણે જ મુલવણી કરી. શત્રુઓ સામે પણ દુર્ભાવ લાવ્યા સિવાય તેમના વિચારોનું પરિવર્તન કરી શકાય છે તે વાતની પ્રતીતિ કરાવી. સાર્થકતાના આ અસામાન્ય પ્રયાસોને કારણે એક જુવાળ ઉભો થયો. કાળ જાગ્યો અને દુનિયાએ અગાઉ ન જોયા હોય તેવા પરિણામ મળ્યા. મહાત્માએ વેરભાવ વધાર્યા સિવાય કાળને જગાડવાનું જે કાર્ય કર્યું તે વિશે કવિ દુલા ભાયા કાગે સુંદર પંક્તિઓ લખી છે. દુશ્મનની સામે પણ અહીં દુર્ભાવ કે દ્વેષ ન હતા. આમ છતાં હસતા મુખે સમરાંગણમાં ઘાવ ઝીલવાની તેમાં શક્તિ હતી.


ઘાવ ઝીલે ઘમસાણનાં
પણ એની આંખમાં નાવ્યા ઝેર,
દુનિયા આખી ડોલવા લાગી
વાણિયો ખેડે વેર...
માતાજીની નોબતું વાગે
સુતાં સૌ માનવી જાગે.

મહાત્મા ગાંધી સાત દાયકા પહેલા આપણી વચ્ચેથી ગયા. આમ છતાં સમગ્ર દુનિયામાં માનવજાતના કલ્યાણ માટેની જયારે પણ ચર્ચા થાય છે ત્યારે ગાંધીજીને યાદ કરવામાં આવે છે. સદેહે બાપુ આપણી વચ્ચે નથી પરંતુ તેમની વિચારધારા એ શાશ્વત છે. કટોકટીના કાળમાં માનવજાતને માર્ગદર્શન આપનારી છે. મેઘાણીભાઈએ લખ્યું હતું.

વાવાઝોડા કાળના વાશે
બાપુ ! તારી વાટ જોવાશે.

# એટનબરો, બેન કિંગ્ઝલે, ગાંધીજી.....







એટનબરો, બેન કિંગ્ઝલે, ગાંધીજી

સર રિચાર્ડ સેમ્યુઅલ એટનબરો (ઈ.સ. ૧૯૨૩થી ઈ.સ. ૨૦૧૪) બહુમુખી પ્રતિભા ધરાવતા હતા. લેખક, સંપાદક, સમીક્ષક, અભિનેતા, નિર્માતા, નિર્દેશક.

(૧) લંડનમાં ગાંધી ફાઉન્ડેશન છે, એમના એ અધ્યક્ષ હતા.

(૨) મહાત્મા ગાંધી વિષે એમણે લખેલાં અને સંપાદિત કરેલા બે પુસ્તકો છે :

- ઈન સર્ચ ઓફ ગાંધી
- ધ વડ્ઝ઼ ઓફ ગાંધી

એટનબરોએ આમાં ગાંદીજીના બોલાયેયા - એકસો પચાસ વચનો સંગૃહિત કર્યા છે. ગાંધીજી બે સાપ્તાહિકોનું સંપાદન કરતા : અંગ્રેજીમાં 'યંગ ઈન્ડિયા' અને ગુજરાતીમાં 'હરિજન'. આ સાપ્તાહિકો ઉપરાંત ગાંધીજીની આત્મકથા - આમાંથી આ વચનોને પસંદ કર્યા છે, સાથે એકવીસ તસવીરો આપી છે. આ વચનો પાંચ પ્રકરણોમાં વિભાજિત છે. દિનચર્યા, સહકાર, અહિંસા, શ્રધ્ધા અને શાંતિ. ગાંધીજીની આ ઉક્તિને એમણે મુખપૃષ્ઠમાં મૂકી છે - પ્રેમ આ વિશ્વનું સર્વોત્તમ પરિબળ છે. ઈ.સ. ૧૯૮૨માં આ પુસ્તક પ્રકાશિત થયું અને ૧૯૯૬માં તો એની બીજી આવૃત્તિ પ્રકાશિત કરવી પડી. એટલું પ્રસિદ્ધ થયું.

(૩) જિરાલ્ડ ગોલ્ડ ગાંધીજીના ઉપાસક હતા. એમણે ગાંધીજીનું સચિત્ર જીવનચરિત્ર લખ્યું. આમાં ચિત્રોની જગ્યાએ ગાંધીજીના ૧૫૦ ફોટોગ્રાફ છે. એટનબરો એ એમણે આ ફોટોગ્રાફ આપ્યા. પુસ્તકને અંતે એમણે ગાંધીજી વિષેની ઉત્તરપીઠિકા - આફટરવર્ડ્ઝ - જિરાલ્ડને લખી આપી. પુસ્તકનું નામ છે.

- ગાંધી - એ પિરયોટિકલ બાયોગ્રાફી.

(૪) એ સાલ છે ૧૯૬૨ની હતી. બ્રિટીશ સેવામાં સનદી અધિકારી તરીકે મોતીલાલ કોઠારી હતા. એમણે એટનબરોને સૂચન કર્યું - તમે ગાંધીજી વિષે ફિલ્મ બનાવો. ત્યારપછી લાગલગાટ વીસ વરસ એમણે આ ફિલ્મ નિર્માણમાં રોક્યા, મોટાભાગનું શૂટિંગ ભારતમાં જ થયું. કુલ ૧૫૧ પાત્રો હતા. તેમાં ઘણા ખરાં ભારતના કલાકારો હતા. સંગીત પંડિત રવીશંકરે આપ્યું. વેશ સજ્જા ભાનુ અથૈયાની હતી. આની પટકથા રિચાર્ડ જહોન બ્રીલએ લખી. કોલંબિયા પિકચર્સના બેનર નીચે ફિલ્મ તૈયાર થઈ. 'ગાંધી' એટનબરો એના નિર્માતા અને નિર્દેશક છે. આમાં એમણે અભિનય પણ આપ્યો. ૩૦ નવેમ્બર ૧૯૮૨ના રોજ દિલ્હીમાં એનો વર્લ્ડ પ્રિમિયર શૉ થયો. પછીના જ વરસે ઈ.સ. ૧૯૮૩માં ઓસ્કાર એવોર્ડ માટે આ ફિલ્મમાંથી અગિયાર એન્ટ્રી થઈ. આમાંથી આઠમાં એવોર્ડ મળ્યો. 'ગાંધી' ફિલ્મને, બ્રિટનની, વીસમી સદીની મહાન ફિલ્મોમાં સ્થાન મળ્યું.

(૫) આ ફિલ્મમાં મહાત્મા ગાંધીનો અભિનય બેન કિંગ્ઝલેએ કર્યો છે. ઈ.સ. ૧૯૪૩માં સર બેન કિંગ્ઝલેનો જન્મ થયો. એનું કનેકશન ગુજરાત સાથે છે. એના દાદા હરજી ભાણજી જામનગરના ખોજા પરિવારના હતા. એના પિતા રહિમતુલ્લા હરજી ભાણતી હતા. એની માતા બ્રિટનના અભિનેત્રી અન્ના લાઈન મેરી હતા. એનું પોતાનું નામ કૃષ્ણ પંડિત ભાણજી હતું. પરંતુ એણે ઈ.સ. ૧૯૬૨થી પોતાનું નામ બેન કિંગ્ઝલે કર્યું અને બ્રિટનમાં નાટકો અને ફિલ્મોમાં અભિયન કરતા રહ્યા.

સર રિચાર્ડ સેમ્યુઅલ એટનબરો (ઈ.સ. ૧૯૨૩થી ઈ.સ. ૨૦૧૪) બહુમુખી પ્રતિભા ધરાવતા હતા. લેખક, સંપાદક, સમીક્ષક, અભિનેતા, નિર્માતા, નિર્દેશક.

(૧) લંડનમાં ગાંધી ફાઉન્ડેશન છે, એમના એ અધ્યક્ષ હતા.

(૨) મહાત્મા ગાંધી વિષે એમણે લખેલાં અને સંપાદિત કરેલા બે પુસ્તકો છે :

- ઈન સર્ચ ઓફ ગાંધી
- ધ વડ્ઝ઼ ઓફ ગાંધી

એટનબરોએ આમાં ગાંદીજીના બોલાયેયા - એકસો પચાસ વચનો સંગૃહિત કર્યા છે. ગાંધીજી બે સાપ્તાહિકોનું સંપાદન કરતા : અંગ્રેજીમાં 'યંગ ઈન્ડિયા' અને ગુજરાતીમાં 'હરિજન'. આ સાપ્તાહિકો ઉપરાંત ગાંધીજીની આત્મકથા - આમાંથી આ વચનોને પસંદ કર્યા છે, સાથે એકવીસ તસવીરો આપી છે. આ વચનો પાંચ પ્રકરણોમાં વિભાજિત છે. દિનચર્યા, સહકાર, અહિંસા, શ્રધ્ધા અને શાંતિ. ગાંધીજીની આ ઉક્તિને એમણે મુખપૃષ્ઠમાં મૂકી છે - પ્રેમ આ વિશ્વનું સર્વોત્તમ પરિબળ છે. ઈ.સ. ૧૯૮૨માં આ પુસ્તક પ્રકાશિત થયું અને ૧૯૯૬માં તો એની બીજી આવૃત્તિ પ્રકાશિત કરવી પડી. એટલું પ્રસિદ્ધ થયું.

(૩) જિરાલ્ડ ગોલ્ડ ગાંધીજીના ઉપાસક હતા. એમણે ગાંધીજીનું સચિત્ર જીવનચરિત્ર લખ્યું. આમાં ચિત્રોની જગ્યાએ ગાંધીજીના ૧૫૦ ફોટોગ્રાફ છે. એટનબરો એ એમણે આ ફોટોગ્રાફ આપ્યા. પુસ્તકને અંતે એમણે ગાંધીજી વિષેની ઉત્તરપીઠિકા - આફટરવર્ડ્ઝ - જિરાલ્ડને લખી આપી. પુસ્તકનું નામ છે.

- ગાંધી - એ પિરયોટિકલ બાયોગ્રાફી.

(૪) એ સાલ છે ૧૯૬૨ની હતી. બ્રિટીશ સેવામાં સનદી અધિકારી તરીકે મોતીલાલ કોઠારી હતા. એમણે એટનબરોને સૂચન કર્યું - તમે ગાંધીજી વિષે ફિલ્મ બનાવો. ત્યારપછી લાગલગાટ વીસ વરસ એમણે આ ફિલ્મ નિર્માણમાં રોક્યા, મોટાભાગનું શૂટિંગ ભારતમાં જ થયું. કુલ ૧૫૧ પાત્રો હતા. તેમાં ઘણા ખરાં ભારતના કલાકારો હતા. સંગીત પંડિત રવીશંકરે આપ્યું. વેશ સજ્જા ભાનુ અથૈયાની હતી. આની પટકથા રિચાર્ડ જહોન બ્રીલએ લખી. કોલંબિયા પિકચર્સના બેનર નીચે ફિલ્મ તૈયાર થઈ. 'ગાંધી' એટનબરો એના નિર્માતા અને નિર્દેશક છે. આમાં એમણે અભિનય પણ આપ્યો. ૩૦ નવેમ્બર ૧૯૮૨ના રોજ દિલ્હીમાં એનો વર્લ્ડ પ્રિમિયર શૉ થયો. પછીના જ વરસે ઈ.સ. ૧૯૮૩માં ઓસ્કાર એવોર્ડ માટે આ ફિલ્મમાંથી અગિયાર એન્ટ્રી થઈ. આમાંથી આઠમાં એવોર્ડ મળ્યો. 'ગાંધી' ફિલ્મને, બ્રિટનની, વીસમી સદીની મહાન ફિલ્મોમાં સ્થાન મળ્યું.

(૫) આ ફિલ્મમાં મહાત્મા ગાંધીનો અભિનય બેન કિંગ્ઝલેએ કર્યો છે. ઈ.સ. ૧૯૪૩માં સર બેન કિંગ્ઝલેનો જન્મ થયો. એનું કનેકશન ગુજરાત સાથે છે. એના દાદા હરજી ભાણજી જામનગરના ખોજા પરિવારના હતા. એના પિતા રહિમતુલ્લા હરજી ભાણતી હતા. એની માતા બ્રિટનના અભિનેત્રી અન્ના લાઈન મેરી હતા. એનું પોતાનું નામ કૃષ્ણ પંડિત ભાણજી હતું. પરંતુ એણે ઈ.સ. ૧૯૬૨થી પોતાનું નામ બેન કિંગ્ઝલે કર્યું અને બ્રિટનમાં નાટકો અને ફિલ્મોમાં અભિયન કરતા રહ્યા.

# ટીકા : શોખ, આદત કે સ્વભાવ ?






લોકોને કોઈની પણ ટીકા કરવાનું બહુ જ ગમતું હોય છે. પ્રશંસા કરવામાં લોકો બહુ વિચાર કરતા હોય છે પરંતુ ટીકા તો ગમે ત્યારે ગમે તેની અને ગમે ત્યાં કરવા લાગી જતા હોય છે. ટીકા આમ તો બહુ મોટો શબ્દ છે. લોકોના અંગત કે સામાજિક જીવનમાં કરાતી ટીકાઓ ઉપરાંત ટીકા કરવા માટેનું એક બીજું મોટુ ક્ષેત્ર પણ ઉપલબ્ધ છે.જેમાં,

- કોઈ ફિલ્મની ટીકા ટીપ્પણ
- કોઈ મહાન વ્યક્તિના જીવન ઉપર સમીક્ષા,
- કોઈ પુસ્તક કે કોઈ કાર્યક્રમ અથવા કોઈ અભિયાનની સફળતા કે નિષ્ફળતા અંગે સમાલોચના,
- કોઈ કૃતિ અંગે કે કોઈની વતણૂંક પરત્વે કોમેન્ટસ વગેરે...... આમ તો દરેક ઝીણી ઝીણી બાબત આવરવા જઈએ તો આ યાદી ખૂબ જ લાંબી થઈ શકે એમ છે...

- પરંતુ અમારે જે વાત કરવી છે તે એ છે કે વ્યક્તિએ કોઈની પણ ટીકા કરતી વખતે તટસ્થતા બતાવવી જોઈએ. પરંતુ આજે મોટા ભાગની સમીક્ષા કે ટીકા તે લખનારના પૂર્વ ગ્રહો ,તેની માનસિકતા અને તેની બૌધિકતા ના સ્તર ઉપર આધારિત હોય છે. ટીકામાં ઘણી એવી બાબતો આવતી હોય છે કે,

- કેટલાક લોકો કરવા ખાતર ટીકા કરતા હોય છે,
- કેટલાક લોકો બીજાઓનું ધ્યાન પોતાના તરફ ખેંચવા ટીકા કરે છે,
- કેટલાકને એમ કરવામાં આનંદ આવે છે, જો કે આ આનંદ તામસી આનંદ કહેવાય...
- કેટલાક એવા હોય છે જેમને પોતાને સફળતા ન મળી હોય એવા ફીલ્ડની ટીકા કરવાનું ગમે છે અને એ રીતે કદાચ એ લોકો એ ફીલ્ડ ઉપરની પોતાની દાઝ કાઢતા હોય છે, (દ્રાક્ષ ખાટી છે...!!!)
- કેટલીક વખત ટીકાકાર કશાક નાણાંકીય લાભની અપેક્ષાએ પણ ખરું ખોટુ લખતા હોય કે બોલતા હોય છે..
- જો કે આવા ટીકાકારોએ જેની ખૂબ જ ટીકા કરી હોય એવું કાર્ય કે પ્રવૃત્તિ તેમને પોતાને કરવાની આવે છે ત્યારે એ એમાં એવા ભરાઈ જાય છે કે પૂછો ના વાત...
- કેટલાક લોકોને ટીકા કરવાની આદત જ પડી ગઈ હોય છે એ ના ચાહે તો પણ એમનાથી ટીકા થઈ જ જાય છે...

બીજું ઘણીવાર એવું જોવા મળે છે કે ટીકાકાર એવું માનીને ચાલતા હોય છે કે તેમણે તો માત્ર ખામી કે દોષ જ બતાવવાના હોય છે. અરે સારો ટીકાકાર તો એ કહેવાય કે તે જેના ઉપર ટીકા કે વિવેચન કરતો હોય તેનાં બંને પાસાંને આવરી લે. પ્રથમ તો એને જે કંઈ સારું દેખાતું હોય તે બતાવવું જોઈએ અને તે પછી જે કં નબળાઈઓ કે દોષ જનાતા હોય તેને માટે સારી ભાષામાં સૂચનો કરવાં જોઈએ.

- જો ટીકાકાર તટસ્થ રહીને પોતાનું કાર્ય કરે તો જ એ જે તે કૃતિ,રચના, વ્યક્તિ કે પ્રસંગને ન્યાય અપાવી શકશે. જો કે આપણે ત્યાં ઘણા મોટા ગજાના આવા ટીકાકારો હાલ કાર્યરત છે એ આપણા માટે સદભાગ્ય અને ગૌરવની વાત છે.

મો-૯૮૯૮૪૦૯૦૫૩
anantpatel135@yahoo.com